RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૩૦ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળ :– ડે.કમિશનર (ફા) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ / પ્રેસ વિભાગ)
ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન, ગુમાસ્તા વિ.)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી ૧૬૦૦ થી ૧૭૦૦ નો ક્રમ નં. આવતો હોય એ નમુનો –'એ' ના ગુમાસ્તાધારા લાઈસન્સની અરજીના ફોર્મ કયા વર્ષોમાં છપાયા છે તેની વિગત અંગે માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૦/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી ૧૬૦૦ થી ૧૭૦૦ નો ક્રમ નં. આવતો હોય એ નમુનો –'એ' ના ગુમાસ્તાધારા લાઈસન્સની અરજીના ફોર્મ કયા વર્ષોમાં છપાયા છે તેની વિગત અંગે માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(પ્રેસ)ના પત્ર નં.પ્રેસ આઉટવર્ડ નં.૧૯૬ તા. ૦૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા વિગત ઉપલબ્ધ નથી તે અંગે તેનો નાશ–નિકાલની હકીકત પણ આધાર સહ તથા ફોર્મ જેના આધારે નોંધણી થઈ તેની અધિકૃતતા અંગે હકીકત રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૪ તા.૧૧–૧–૧૨થી ડે.કમિશનર (ફા) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ / પ્રેસ વિભાગ), ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન, ગુમાસ્તા વિ.) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા સાથે નમૂના–'એ' ના ફોર્મ છપાયા નથી તેવો કોઈ આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૨૨૦૦ તા.૧–૨–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ ૧૪૭૬ તા.૧૨–૧૧–૧૧ થી સેકશન ઓફિસર પ્રેસ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી પ્રેસ વિભાગ ના પત્ર નં.પ્રેસ/ આ./૪૬૩ તા.૨–૨–૧૨ થી ફીની વિગત, અરજદારને પત્ર નં.પ્રેસ/આ./૧૯૬ તા.૩–૧૨–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ, તબદીલ પત્રની નકલ,મુળ અરજીની નકલ, પત્ર નં.આર.કે.૧૪૪ તા.૧૪–૧૦–૯૩ થી રેકર્ડકીપર ભોંયરા વિ. ને પોટલા નંગ –૩ જમા કરાવવાના રીપોર્ટની નકલ, રેકર્ડ નાશ અંગેના મંજુરીના રીપોર્ટની નકલ, નોંધ વિભાગ, પાના નં.૧ થી ૫ રેકર્ડ નાશ કરવા અંગેના લીસ્ટની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ ૧૪૭૬ તા.૧૨–૧૧–૧૧ થી સેકશન ઓફિસર પ્રેસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે મ.જાહેર માહિતી અધિકારી પ્રેસ ના પત્ર નં.પ્રેસ/આ./૧૯૬ તા.૩–૧૨–૧૧ થી માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં ૧૬૦૦ થી ૧૭૦૦ નો ક્રમ નં. આવતો હોય એ નમુનો –'એ' ના ગુમાસ્તાધારા લાઈસન્સની અરજીના ફોર્મ કયા વર્ષોમાં છપાયા છે તેની વિગત. તેવા પ્રશ્ન અંગે મ.જાહેર માહિતી અધિકારી પ્રેસ વિભાગ તરફથી મ્યુ.પ્રિન્ટીંગ પ્રેસ વિભાગમાં ઉપલબ્ધ ન હોવાથી તેમણે માંગેલ માહિતી આપી શકાય એમ નથી. તેવુ સમય અવધિમાં જણાવેલ.

અરજદારે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(પ્રેસ)ના પત્ર નં.પ્રેસ આઉટવર્ડ નં.૧૯૬ તા. ૦૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૬૦૦ થી ૧૭૦૦ ની વચ્ચે આવતા હોય એ પ્રકારના નમૂના–એ જે ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન કરાવવા માટે વપરાય છે તે છાપવામાં આવ્યા નથી. આ પ્રકારના બોગસ ફોર્મ જે તે વ્યકિતઓ ધ્વારા વાપરીને ખોટી રીતે ગુમાસ્તાધારા રજી.ની અરજી કરવામાં આવેલી હોય એવુ ફલીત થાય છે. **CZ/S/3/5958** નંબરનું ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ નમુનો–એ (ફોર્મ નં.૧૬૪૮) ભરીને મેળવાયેલ છે તે ફોર્મ એસ.એમ.સી ધ્વારા છાપવામાં આવેલ નથી. શા માટે નમૂનો –એ માં ૧૬૪૮ ને છેકી નાંખવામાં આવેલ છે. જે ફોર્મ એસ.એમ.સી. ધ્વારા છપાયુ જ નથી તો આવા ખોટા ફોર્મની અરજી કઈ રીતે ગ્રાહય રખાય તેનો ખુલાસો કરો. તેવી રજુઆત કરેલ. અપીલ તબકકે અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૪ તા.૧૧–૧–૧૨ થી મુળ અરજીથી માંગેલ માહિતી રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા સાથે નમૂના–'એ' ના ફોર્મ છપાયા નથી તેવો કોઈ આધાર હોય તો રજૂ કરવા જણાવવામાં આવેલ જેના અનુસંધાને કોઈ આધાર/પુરાવા રજુ કરેલ નથી કે તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

જાહેર માહિતી અધિકારી પ્રેસ ના તા.૨–૨–૧૨ ના પુરક પત્રમાં માંગવામાં આવેલ વિગત બાબતે રેકર્ડ વિભાગના સ્ટેશનરી રજીસ્ટ્રેશન અંગે ખતવણી રજીસ્ટરો કે જેમાં જે તે ખાતાને સ્ટેશનરી ઈસ્યુ કરતા પહેલા તેમાં તેની નોંધ થતી હોય છે. સને ૧૯૮૪–૮૫ થી સને ૧૯૮૯–૯૦ અને સને ૧૯૮૯–૯૦ થી સને ૧૯૯૫–૯૬ ના સંબંધિત રેકર્ડ સક્ષમ અધિકારીશ્રીની તા.૧૨–૧૦–૯૬ અને તા.૨૦–૧૧–૦૪ ની મંજુરીથી ઉપરોકત રેકર્ડ નાશ કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ.

આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસેથી કે નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી તરફથી નાશ અને નિકાલ અંગેની મંજુરી લઈ રેકર્ડ નાશ કર્યાની વિગત રજુ કરેલ હોઈ. જેથી માહિતી ઉપલબ્ધ નથી તે યથા યોગ્ય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (ફા) અને જાહેર માહિતી અધિકારી (રેકર્ડ / પ્રેસ વિભાગ)/ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન, ગુમાસ્તા વિ.).....જાણ તથા અમલ માટે
(૨) ડો.પંકજ જયંતિલાલ ગાંધી